# અધ્યાય-૩૭
# ચાવડી-વર્ણન

**શ્રી ગણેશાય નમઃ । શ્રી સરસ્વત્યૈ નમઃ । શ્રી ગુરુભ્યો નમઃ ।**
**શ્રી કુલદેવતાયૈ નમઃ । શ્રી સીતારામચંદ્રાભ્યાં નમઃ ।**
**શ્રી સદ્ગુરુસાઈનાથાય નમઃ ।**

આ અધ્યાયમાં વેદાંતની થોડી પ્રાથમિક ચર્ચા પછી ચાવડી સરઘસનું વર્ણન આપ્યું છે.

**ઉપોદ્ઘાત :** શ્રી સાઈજીવનને ધન્ય છે. તેમના દૈનિક કાર્યક્રમને ધન્ય છે. તેમનાં કાર્યો વર્ણનાતીત છે. શ્રી સાઈ કોઈ કોઈ વાર બ્રહ્માનંદથી ચકચૂર બનતા. તો કોઈ વાર આત્મજ્ઞાનથી સંતોષતા હતા. કોઈ વાર ઘણું ઘણું કરવા છતાં પોતે નિર્લેપ જ રહેતા હતા. કોઈ વાર સાવ અકર્મા દેખાતા છતાં આળસુ રહેતા નહોતા, આત્મરત જ રહેતા. પોતે શાંત, સ્થિર સમુદ્ર જેવા ગંભીર તથા અગાધ હતા. તેમના અવર્ણનીય સ્વભાવનું વર્ણન કોણ કરી શકે તેમ છે ? તે પુરુષોને ભાઈઓ તથા સ્ત્રીઓને માતા અને બહેનો ગણતા હતા. તેઓ સદા અખંડ બ્રહ્મચારી હતા. તેમના સત્સંગથી પાવન બનેલી આપણી સુબુદ્ધિ આમરણાંત ટકી રહો ! સર્વ ભાવે તેમના ચરણની ભક્તિ આપણે સદા કરીએ. સર્વ પ્રાણીમાં તેમનાં દર્શન કરીએ અને તેમના નામનું પ્રેમથી સ્મરણ કરીએ. (અહીં વેદાંતની કેટલીક લાંબી ચર્ચા પછી હેમાડપંતને લાગે છે કે પોતે આડા ઊતરી ગયા છે. તેથી તે બંધ કરી ચાવડી સરઘસનું નીચેનું વર્ણન શરૂ કર્યું છે.)

ચાવડી સરઘસ : બાબાના શયનગૃહનું વર્ણન અગાઉ આપ્યું છે. પોતે મસીદમાં એક રાત સૂતા અને બીજી રાત પોતે ચાવડીમાં સૂતા હતા. મસીદ પાસે એક-બે ઓરડીના નાના મકાનને બાબા ચાવડી કહેતા. આમ વારાફરતી સૂવાનો ક્રમ બાબાની મહાસમાપ્તિ સુધી ચાલુ રહ્યો હતો. સને ૧૯૦૯ના ડિસેમ્બરની



દસમી તારીખથી ભક્તોએ બાબાનું નિયમિત પૂજન ચાવડીમાં કરવા માંડ્યું. એ વર્ણન તેમની કૃપાથી હવે આપણે કરીએ. ચાવડીમાં સૂવા જવાના સમયે ભક્તો મસીદમાં ભેગા થતા અને મંડપમાં બેસી કેટલીક ઘડી ભજન કરતા. પાછળ એક સુંદર રથ ઊભો રહેતો. જમણી બાજુ તુલસીવૃંદ તથા સામે બાબા અને વચ્ચે ભજનાનંદી ભક્તો બેસતા હતા. ભજનાનંદી સ્ત્રી-પુરુષ ભક્તો વખતસર આવી જતાં. કોઈના હાથમાં કરતાલ તો કોઈના પાસે મૃદંગ, કોઈ પાસે ખંજરી, તો કોઈ પાસે ઢોલ, એમ વિવિધ વાદ્યો હાથમાં લઈ બધા ભજન કરતા હતા. લોહચુંબકની માફક સાઈબાબા ભક્તોને પોતાની પાસે આકર્ષી લેતા હતા. કેટલાક લોકો દીવીઓ સળગાવીને તૈયાર કરતા તથા કેટલાક પાલખી શણગારતા હતા. તો કોઈ નેતરના દંડા હાથમાં રાખી બાબાનો જયજયકાર બોલાવતા હતા. મસીદનો દરેક ભાગ ધજા-પતાકાથી શણગારી બધે હારબંધ દીવા પ્રગટાવતા હતા, જેનો પ્રકાશ ચોગરદમ પડતો હતો. બાબાના ઘોડા શ્યામકર્ણને શણગારીને બહાર ઊભો રાખતા. પછી ભજનમંડળી લઈ તાત્યા પાટીલ બાબા પાસે આવી તૈયાર થવા સારુ બાબાને અરજ કરતો. ત્યાં સુધી બાબા બેઠક પર શાંત જ બેસી રહેતા હતા. પછી બગલમાં હાથ રાખી તાત્યા બાબાને ઊભા કરતો. તાત્યા બાબાને મામા કહીને બોલાવતો હતો અને તેમનો પરસ્પર સંબંધ પણ એવો જ હતો. બાબા નિત્ય-માફક દેહ પર કફની પહેરતા. બગલમાં દંડૂકો-સટકો રાખતા. ખભે કપડું નાંખી ચલમ-તમાકુ લઈને બાબા તૈયાર થતા. પછી તાત્યા બાબાના દેહ પર સોનેરી ભરતવાળું સુંદર શેલું નાંખતો. બાબા જમણા હાથે ધૂણીનાં લાકડાં જરા સંકોરતા અને દીવો ઘરે કરતા અને ચાવડીએ જવા નીકળતા હતા. એ વખતે તાંસાં, વાજાં, પડઘમ, શરણાઈ અને મૃદંગ વગાડવામાં આવતાં; જેનો મોટો અવાજ થતો. નામસ્મરણ કરતાં ગાતાં ગાતાં સ્ત્રીપુરુષો ચાલવા લાગતાં અને મૃદંગ તથા વીણાના તાલમાં ભજન ગાવા માંડતાં. કોઈ આનંદથી નૃત્ય કરતાં તો કોઈ ધજા-પતાકા લઈને ચાલતાં હતાં. બાબા મસીદનાં પગથિયાં ઉતરતા તે વખતે ભાલદાર બાબાના નામની છડી લઈને જય પોકારતા હતા અને બન્ને બાજુ બે જણ ચમ્મર ઢોળતા અને પંખો નાંખતા હતા. માર્ગમાં કપડું પાથરતા; જેના પર ભક્તોના ખભે ટેકો દઈને

બાબા ચાલતા હતા. બાબાનો ડાબો હાથ તાત્યા અને જમણો હાથ મહાળસાપતિ પકડતા હતા. બાબાના મસ્તક પર શ્રી જોગ છત્ર ધરતા હતા. આ રીતે બાબા મસીદમાંથી આવીને જવા નીકળતા હતા. પૂરો શણગારેલો શ્યામકર્ણ નામનો બાબાનો રાતો ઘોડો આ સરઘસમાં સૌપ્રથમ ચાલતો. તેની પાછળ પાલખી ઉપાડનાર સેવકો, વાજિંત્રો વગાડનાર તથા ભક્તોનાં ટોળાં ચાલતાં હતાં. વાદ્યોના ગાન સાથે આકાશ ગજવતો, હરિનામનો જપ થતો અને તે સાથે શ્રી સાઈનું નામ પણ ઉચ્ચારાતું હતું. આ રીતે સરઘસ ખૂણા સુધી પહોચતું ત્યારે તેમાં જોડાયેલા સર્વ ખુશખુશાલ થયેલા દીસતા હતા.

એ ખૂણા પર આવીને બાબા ચાવડી સામે જોઈને ઊભા રહેતા. તે વેળા બાબાના દેહ પર અજબ પ્રકારનું તેજ ચમકતું હતું. પરોઢિયાના લાલ ગુલાબી આકાશ જેવું ઊગતા સૂર્યના તેજ જેવું તેમનું મુખ દેખાતું હતું. પોતે જાણે કોઈને બોલાવતા હોય તેમ ઉત્તરાભિમુખ ધ્યાનસ્થ ચિત્ત થઈ ઊભા રહેતા. બાબા જમણો હાથ ઊંચો કરતા ત્યારે બધાં વાજિંત્રો વાગતાં હતાં. એ વખતે ચાંદીના થાળમાં ગુલાલવાળાં પુષ્પો લઈ કાકાસાહેબ દીક્ષિત આગળ ચાલતા હતા અને બાબાના ઉપર પુષ્પવૃષ્ટિ કરતા હતા. એ સમયે વાદ્યો સરસ વાગતાં અને બાબાના મુખ પર વધુ સ્થિર પ્રકાશ તથા ભવ્યતા દેખાતી હતી. આ પ્રકાશનાં સૌ ધરાઈને દર્શન કરતાં હતાં. આ સમયની શોભાનું વર્ણન કરવા શબ્દો જડતા નથી. કેટલીક વાર મહાળસાપતિના શરીરમાં કોઈ દેવ આવ્યા હોય તેમ તે નાચવા લાગતા. પણ બાબાનું ધ્યાન મુદ્દલ વિચલિત થતું નહિ, જે જોઈ સૌ અચંબો પામતા હતા. તાત્યા પાટીલ હાથમાં ફાનસ લઈ બાબાની ડાબી બાજુ ચાલતા અને ભક્ત મહાળસાપતિ બાબાના કપડાનો છેડો પકડી જમણી બાજુ ચાલતા હતા. કેવું આકર્ષક સરઘસ અને કેવા ભક્તિભાવનું દર્શન ! તે નિરખવા માટે રાય થી રંક સુધીનાં સ્ત્રી-પુરુષો ટોળે વળતાં હતાં. બાબા બહુ ધીમેથી ચાલતા અને બન્ને બાજુ પ્રેમ-ભક્તિસહ ભક્તો ચાલતા હતા. એ સ્થળનું વાતાવરણ જ ભારે આનંદમય બની જતું. સરઘસ ચાવડીએ પહોંચતું હતું. એ દૃશ્ય તથા એ દહાડા તો હવે ચાલી ગયા ! અત્યારે કે ભવિષ્યમાં ક્યારે ય એ દૃશ્યનાં દર્શન થવાનાં નથી ! છતાં તેનું સ્મરણ કરીને તથા મનમાં એ દૃશ્યનું ચિત્ર ખડું કરીને આપણે આપણા દિલને દિલાસો દઈ શાન્તિ પકડીએ !



ચાવડીને પણ સારી રીતે શણગારતા હતા. તેની છત સફેદ સુંદર બનાવતા હતા. અરીસા તથા હાંડી-ઝુંમર લટકાવી તેની શોભા વધારતા હતા. તાત્યા આગળથી પહોંચી જઈ બાબાનું બેસવાનું આસન પાથરી દેતો અને પાછળ તકિયો મૂકતો. બાબા આવે એટલે સફેદ અંગરખું પહેરાવતો. અને પછી ભક્તો બાબાનું રીતસર પૂજન કરતા હતા. બાબાનો મુગટ મૂકીને ઉપર છોગું રાખતા અને ગળામાં રત્નની તથા પુષ્પની માળા પહેરાવતા હતા. નાનાસાહેબ નિમોણકર હાથમાં છત્રી ધરી રાખતા તથા છત્રીની લાકડી જેમ ફરતી જતી, તેમ તેનાં સુંદર તોરણ વર્તુળમાં ફરતાં હતાં. બાબાના ચરણ ચાંદીના થાળમાં મૂકી બાપુસાહેબ જોગ ધોતા હતા અને યોગ્ય વિધિ સાથે અર્ધ્ય દેતા હતા અને પૂજન કરતા હતા. તે પછી કપાળે ચંદન તથા હાથ પર અત્તર લગાડતા હતા અને બાબાને તાંબુલ અર્પણ કરતા હતા. પછી તાત્યા તેમજ અન્ય ભક્તો ઊભા રહી બાબાના ચરણમાં પડતા હતા. આ સર્વ ચાલતું હોય ત્યાં જ બાબા ગાદી પર બેસતા. તકિયાને અઢેલીને ગાદી પર બેઠા પછી ભક્તો બધી બાજુથી ચામર તથા પંખા ઢોળતા હતા. એ પછી શામા ચલમ તૈયાર કરી તાત્યાના હાથમાં આપતા અને તાત્યા ચલમને ફૂંકીને ભડકો કરી બાબાને આપતો. બાબા ચલમ પીને ભક્ત મહાળસાપતિને દેતા હતા અને પછી ચલમ બધાના હાથમાં ફરતી હતી. આ નિર્જીવ ચલમને પણ ધન્ય છે ! એ ચલમને પ્રથમ તો ઘણાં તપ કરવાં પડ્યાં છે. કુંભારે માટી ગુંદી, ચાકડે ચડાવી, તાપમાં સૂકવી, અગ્નિમાં તપાવીને તેને પકાવ્યા પછી જ બાબાના હાથના સ્પર્શનો મોકો અને તેમના મુખની ચુમીનો લાભ તેને મળ્યો છે. આ સર્વ પૂરું થયા પછી ભક્તો બાબાને પુષ્પના હાર પહેરાવતા હતા અને હાથમાં ફૂલના ગજરા દેતા હતા. વૈરાગ્યમૂર્તિ બાબાને આ રત્નનો હાર, પુષ્પની માળા, ગજરા કે એવા કોઈ શણગારની મુદ્દલ પડી નહોતી. પણ ભક્તોના પ્રેમને લીધે તેમને રાજી કરવા માટે જ બાબા આ બધું ચાલવા દેતા હતા. છેવટ સર્વ વિધિ સાથે બાપુસાહેબ જોગ બાબાની આરતી ઉતારતા જે વેળા બધાં વાદ્યોનો મંગળ ધ્વનિ થતો હતો. આરતી પૂરી થયા પછી ભક્તો એક પછી એક બાબાને નમસ્કાર કરીને રજા લઈને ઘેર જતા. બાબાને ચલમ આપ્યા પછી અત્તર-ગુલાબ આપીને તાત્યા પણ જવા ઊઠતો ત્યારે બાબા તેને

*પ્રેમથી કહેતા હતા, ''મારી ચોકી કરજે. તારે જવું હોય તો જા. પણ રાતમાં પાછો આવજે અને ખબર કાઢજે.'' તાત્યા હા પાડી ચાવડીથી ઘેર જતો. પછી બાબા જાતે પથારી પાથરતા. એક ઉપર બીજી એમ પચાસથી સાઠ ચાદર બિછાવતા હતા અને એમ પથારી તૈયાર કરીને પોતે સૂઈ જતા.*

*હવે આપણે પણ આરામ કરીએ. વાંચકોને મારી વિનતિ છે કે નિત્ય સૂતી વખતે બાબાનું તેમજ ચાવડી-સરઘસનું સ્મરણ કર્યા પછી જ સૂજો. આ અધ્યાય અહીં પૂરો થાય છે.*

***સ્વસ્તિ શ્રી સંતસજ્જનપ્રેરિતે ભક્તહેમાડપંતવિરચિતે***
***શ્રી સાઈસમર્થસચ્ચરિત્રે ''ગુરુલીલા દર્શન''***
***નામ સાડત્રીસમો અધ્યાય સંપૂર્ણ***
***। શ્રી સદ્‌ગુરુસાઈનાથાર્પણમસ્તુ । શુભં ભવતુ ।***